# આચાર્યની જાહેરાતના નિયમો

૧. ઉમેદવાર સરકારશ્રીનાં સામાન્ય વહીવટ વિભાગનાં તા.૧૩/૦૮/૨૦૦૮ તેમજ તા.૧૮/૦૩/૨૦૧૬ ના ઠરાવ ક્રમાક: સીઆરઆર-૧૦ -૨૦૦૭ -૧૨૦૩૨૦-ગ,૫ થી નક્કી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝિક નોલેજ ધરાવતા હોવા અંગેનું કોઈ પણ તાલીમ સંસ્થાનું પ્રમાણપત્ર/ માર્કશીટ ધરાવતા હોવા જોઈશે. અથવા સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેનાં કોઈ પણ ડિપ્લોમા / ડિગ્રી કે સર્ટિફિકેટ કોર્ષ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડિગ્રી કે ડિપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ-૧૦ કે ધોરણ- 12 માં કોમ્પ્યુટર એક વિષય હોવા જોઈશે. આ તબક્કે આવું પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે.પરંતુ આવા ઉમેદવારોએ નિમણૂક સત્તાધિકારી સમક્ષ કોમ્પ્યુટર બેઝીક નોલેજની પરીક્ષા પાસ કર્યાનું આવું પ્રમાણપત્ર નિમણૂક મેળવતા પહેલા અચૂક રજુ કરવાનું રહેશે. અન્યથા નિમણૂક સત્તાધિકારી આવા કિસ્સામાં ઉમેદવારની પંસદગી "રદ" કરી શકશે.

૨. ઉમેદવારે અજમાયશી સમયગાળા દરમિયાન સા.વ.વિ. ના તા. 30/09/2006 ના ઠરાવ ક્રમાંક પરચ/૧૦૨૦૦૫/૧૫૩૨/૬ ની જોગવાઈઓ મુજબ કોમ્પ્યુટર કૌશલ્યની પરિક્ષા પાસ કરવાની રહેશે.

૩. આ જગ્યા હેઠળ નિમણૂંક પામનારને સરકારશ્રીના નાણાવિભાગના તા.૧૮/૦૩/૨૦૦૫ના ઠરાવ ક્રમાંક : નપન-૨૦૦૩-જીઓઆઈ-૧૦-પી તથા તેને આનુષાંગિક ઠરાવોની જોગવાઈઓને આધિન નવ વર્ધિત પેન્શન યોજના લાગુ પાડવાની રહેશે.

૪. જે ગ્રામવિદ્યાપીઠ સંસ્થામાં વિદ્યાર્થીઓની સંખ્યા ઘટે અથવા અન્ય કોઈ કારણસર ગ્રામવિદ્યાપીઠ બંધ થાય તો. આ યોજના હેઠળ નિમણૂંક પામેલા કર્મચારીઓને છુટા કરવામાં આવશે અને તેમને ફાજલનું રક્ષણ મળી શકશે નહીં.

૫. આ જગ્યા હેઠળ નિમણૂંક પામનારને આચાર્ય સંવર્ગના અધિકારી/કર્મચારીએ જે ફરજો બજાવવાની થતી હોઈ તેવી ફરજો બજાવવાની રહેશે તે માટે કચેરીમાં ફરજપાલનનો જે સમય નિયત હોઈ તે સમય પ્રમાણે કચેરીમાં હાજરી આપવાની રહેશે. તેમજ પ્રાઇવેટ પ્રેકટીસ કે અન્યત્ર પાર્ટટાઈમ નોકરી કરી શકવો નહીં. જાહેર રજાના દિવસોએ પણ સરકારી કામગીરીની જરૂરીયાતોને અનુલક્ષીને ફરજ બજાવવા જણાવવામાં આવે તો તે મુજબ ફરજ બજાવવાની રહેશે.

૬. આ જગ્યા હેઠળ નિમણૂંક પામનારને વાર્ષિક ધોરણે ૧૨ પરચુરણ રજા, જાહેર રજા અને ગ્રામવિદ્યાપીઠના વેકેશન સિવાયની અન્ય કોઈપણ પ્રકારની રજા મળવા પાત્ર થશે નહીં. તે સિવાય અન્ય કોઈ રજા ભોગવશે તો રજાનો પગારની કપાત કરવાની રહેશે, મહિલા કર્મચારીઓના રજાના નિયમો મુજબ પ્રસુતિ રજાઓ મળવાપાત્ર થશે.

૭. આ જગ્યા પર નિમણૂંક પામનારે ગ્રામવિદ્યાપીઠ સંસ્થાના કેમ્પસ પર ફરજિયાત રહેવાનું રહેશે. અને અધિકૃત અધિકારીની પરવાનગી વગર મુખ્યમથક છોડી શકાશે નહીં.

૮. આ જગ્યા પર નિમણૂંક પામનારે સરકારશ્રીના શિક્ષણવિભાગ દ્વારા તા.૨૧/૦૪/૯૪ના ઠરાવથી ગ્રામવિદ્યાપીઠોના કર્મચારી માટે નિયત થયેલ આચારસંહિતાના તમામ નિયમોનું સંપુર્ણપણે પાલન કરવાનું બંધન કર્તા રહેશે. જે અંગેનું ઉમેદવારનું સંમતિપત્ર સંસ્થાએ નિમણૂંક આપતા પહેલા મેળવવાનું રહેશે.

૯. સરકારશ્રી તરફથી વહીવટી હિતમાં બીજી કોઇ જરૂરી શરતો નક્કી થાય તો તે પણ બંધનકર્તા રહેશે.

૧૦. દરેક સંવર્ગના ભરતી નિયમોમાં નિયત થયેલ શૈક્ષણિક લાયકાતના અર્થઘટન સંબંધે ભરતી પ્રક્રિયા દરમ્યાન કોઈ પ્રશ્ન ઉપસ્થિત થશે તો તે અંગે સંબધિત વિભાગ/ ખાતાના વડાની કચેરીના પરામર્શ કરીને યોગ્ય નિર્ણય લેવામાં આવશે.

૧૧. ઉમેદવારે કરેલ અરજીની કોઈપણ વિગતો ખોટી કે ક્ષતિયુક્ત માલૂમ પડશે તો ઉમેદવારી રદ કરવામાં આવશે.

૧૨. સરકારશ્રી તરફથી વહીવટી હિતમાં બીજી કોઈ જરૂરી શરતો નક્કી થાય તો તે પણ બંધનકર્તા રહેશે.

૧૩. સરકારશ્રીની ભરતી માટે કોઈપણ વિભાગ દ્વારા ગેરલાયક ઠરેલ ઉમેદવારો અરજી કરી શકશે નહીં

૧૪. ભરતી પ્રક્રિયા અંગે રાજ્ય સરકાર જે નિયમો ઘડે તે બંધન કર્તા રહેશે.

૧૫. અરજી ફક્ત RPAD થી જ તા. 03/0૪/૨૦૨૫ સુધીમાં સંસ્થાને મળી જાય તે રીતે મોકલવાની રહેશે.

૧૬. અરજી સાથે આધારકાર્ડ કે ફોટો ઓળખકાર્ડ તથા પાસપોર્ટ સાઇઝ જોડાવાનો રહેશે.

President
Shree Gopaldas Patel Foundation
Sonasan-383210